## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ એસ રાઠોડ
આંતરિક ઓડિટર,
ગાંધીનગર સાહિત્ય સભા
સાંસ્કૃતિક મંત્રી, શહેર મોચી
સમાજ, ગાંધીનગર



રમેશચંદ્ર
નટવરલાલ શ્રીમાળી
મો. ૯૪૨૮૫ ૦૩૦૮૨



ક્રિષ્ના અશ્વિનભાઈ જાટિયા
મો. ૯૮૨૪૬ ૩૯૩૭૫



જાહ્નવી દેવેન્દ્રકુમાર પરમાર

# બીસીએ કોલેજમાં ઈ-કોમેર્સ વેબ સાઈટ ડેવલપમેન્ટ વર્કશોપ



ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર (બી.સી.એ.) દ્વારા સેમેસ્ટર–૫ના વિદ્યાર્થીઓ માટે ઈ-કોમેર્સ વેબ સાઈટ ડેવલપમેંટમાં ઉપયોગમાં લેવાતા ઓપન સોર્સ સોફ્ટવેર - **"Magento – A Content Management System"** શીષર્ક પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેબક્રેટા ટેક્નોલૉજીના ખુબજ અનુભવી, ટેકનિકલ હેડ જિગ્નેશ ચૌહાણ અને પ્રોજેક્ટ મેનેજર મિલન ચૌહાણે વિષય તજજ્ઞ તરીકે વિદ્યાર્થીઓને ખુબ સરળ ભાષામાં જરૂરી જ્ઞાન આપ્યું. આ વર્કશોપનું આયોજન બી.સી.એ. કોલેજના સ્ટુડન્ટસ પ્રોગ્રેસન સેલ અંતર્ગત્ત કરવામાં આવ્યું હતું જેમાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપ વિષે માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ શાહે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ જયારે પોતાના વ્યવસાય કે નોકરી માટે ઈન્ડસ્ટ્રીમાં જાય છે ત્યારે તેઓ પોતાના અભ્યાસ દરમ્યાન જ લેટેસ્ટ ટેક્નોલૉજીથી સજ્જ થઈ ઈન્ડસ્ટ્રી રેડી બને તે ખુબજ જરૂરી છે. આ માટે જ કોલેજમાં આવા સેમીનારના આયોજન કરવામાં આવે છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આવા સેમિનારનાં આયોજનથી વિદ્યાર્થીઓને નોકરીમાં અગ્રતા મળે છે અને મલ્ટી નેશનલ કંપનીઓમાં નોકરીની તકો વધી જાય છે.

વર્કશોપમાં વિષય તજજ્ઞ જિગ્નેશ ચૌહાણ અને મિલન ચૌહાણે વિદ્યાર્થીઓને Magentના ઈન્સ્ટોલેશનથી શરૂ કરીને તેના સર્વર કનફીગ્યુરેશન સુધીની પ્રેક્ટિકલ માહિતી આપી અને વિદ્યાર્થીઓ પોતે જ સ્ક્રૅચ્થીહંર્મા વેબસાઈટ ડેવેલપ કરી શકે તે રીતે તૈયાર કર્યા હતા. વધુમાં તેઓએ જણાવ્યુ હતું કે આજે ૬૦% કરતાં વધારે વેબસાઈટ Magentના ઉપયોગથી બને છે. ઈ કોમર્સ વેબસાઈટમાં પ્રોડક્ટ મેનેજમેંટ સૌથી મહત્વનું છે જે Magentના ઉપયોગથી કેવી રીતે થાય છે તે પ્રકટીકલી શીખવ્યું હતું. ઉપરાંત **Online Shopping Discount coupon Code** કઈ રીતે જનરેટ થાય છે તેની ખૂબ જ ઝીણવટભરી માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. ચાર કલાકના વર્કશોપ બાદ વિદ્યાર્થીઓએ ટેમ્પ્લેટ દ્વારા ઈ કોમર્સ વેબસાઈટ જાતે બનાવી હતી. વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું વિષય તજગ્નોએ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર વોકર્શોપનું આયોજન સંસ્થાના ડીરેક્ટર ડૉ.સંજય એમ.શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. બીજલ પરમાર અને ડૉ. અભિજીતસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જીઆઈપીએસમાં દેશ ભક્તિ ગીત સ્પર્ધા




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં દેશભક્તિ ગીતની સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધોરણ-૧થી૧૨ના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતની સ્પર્ધામાં ખૂબ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. શાળાનું આખું વાતાવરણ જાણે દેશભક્તિથી તળબોળ થઈ ગયું હતું. શાળાના દરેક વિદ્યાર્થીમાં ઉત્સાહ, દેશપ્રેમ અને દેશ માટે કંઈક કરી છૂટવાની તમન્ના છલકાઈ રહી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર આપવામાં આવ્યા હતા. શાળાના પ્રિન્સીપલશ્રી એ શાળાના ક્લાસ ટીચર તથા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને શુભઆશિષ આપ્યા હતા.

### આદર્શ નિવાસી (અ.જા.) કન્યા શાળા ખાતે

# વૈદિક પરિવાર દ્વારા સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપ







ગાંધીનગર

વર્તમાન સમયની વિદ્યાર્થી જીવનની અગ્રણી સમસ્યા "સ્ટ્રેસ"ને મેનેજ કરવાના ઉપાય અર્થે આદર્શ નિવાસી અ.જા. શાળા (કન્યા) ખાતે વૈદિક પરિવાર દ્વારા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સહયોગથી ચાર દિવસીય "સ્ટ્રેસ મેનેજમેન્ટ" વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તા. ૩૧ જુલાઈથી શરૂ થયેલ વર્કશોપનો તા. ૦૩ ઓગષ્ટ. ૨૦૧૮ના સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન મનોરંજન કર કમિશનર ડૉ. ધીરજ કાકડીયાએ વિવિધ ટૂચકાઓ સાથે વિદ્યાર્થીઓને સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષયને અંગે કાર્ય કરવા માટે વૈદિક પરિવારને અભિનંદન આપેલ. પોતાના વિદ્યાર્થીકાળના અનુભવોને યાદ કરીને વિદ્યાર્થીનીઓએ મનમાંથી ડર દૂર કરી ઈન્દ્રિયો થકી કોઈ પણ પ્રકારનો બાહ્ય કચરો પોતાના મનમાં ન જાય તે ખાસ તકેદારી રાખવી જોઈએ તેમ જણાવેલ. "સ્ટ્રેસ મેનેજમેન્ટ"ના મુખ્ય વક્તા શ્રી અરવિંદ રાણાએ પોતાના દિક્ષાંત પ્રવચનમાં વિદ્યાર્થીઓને આ ચાર દિવસ દરમ્યાન મળેલ જ્ઞાનને આચરણમાં લાવવા પ્રેરણા આપી હતી. તેમણે ગુરૂ સાથેના આદર્શ વ્યવહારની સમજ આપી સારા વિદ્યાર્થીના ગુણો ઉપર પ્રકાશ પાડ્યો હતો. ન ગમતા અને અઘરા વિષયને કેવી રીતે ગમાડી શકાય અને સરળ કરી શકાય તે વિષયક વિવિધ ઉદાહરણો સાથે સમજ પૂરી પાડેલ. વૈદિક પ્રવક્તા અવધેશપ્રસાદ પાંડેય દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીનીઓએ પોતાનો ધ્યેય નક્કી કરી તેને પૂર્ણ કરવા સતત પુરુષાર્થ કરવો જોઈએ. તેઓએ આકર્ષક શૈલીમાં પ્રશ્નોતરી થકી વિદ્યાર્થીનીઓને અઘરી લાગતી બાબતો ખૂબ જ સરળ ભાષામાં સમજાવી હતી. વૈદિક પરિવારના ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધીએ પણ વિદ્યાર્થીકાળમાં વિવિધ દૂષણોથી દૂર રહીને માત્ર વિદ્યાભ્યાસમાં જ કેવી રીતે મનને સાંકળવું તેનો વૈદિક સાહિત્યના માધ્યમથી ખૂબ જ સુચારુ ઉપાય વિદ્યાર્થીનીઓને આપેલ. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે દરેક વિદ્યાર્થીનીઓને વૈદિક પરિવાર દ્વારા શ્રી અરવિંદભાઈ રાણા લિખિત "વિદ્યાર્થી ઔર તનાવ" પુસ્તક ભેટ આપવામાં આવેલ.

કાર્યક્રમમાં લોહાણા યુવા સંગઠનના પ્રમુખ નિલેશ પુજારા, રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પૂર્વ પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા, શાળા પરિવારના શિક્ષક મિત્રો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ. આચાર્યા જ્યોતિબેન રાવલ દ્વારા મહેમાનોને આવકારવામાં આવેલ જ્યારે આભાર વિધિ રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ ભરતભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સેક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા કરવામાં આવેલ.

# એસ. કે. પટેલ સ્કૂલમાં ફ્રૂટ ડે ઉજવાયો



કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં 'ફ્રૂટ ડે' ઉજવાયો. તેમાં બાળકો જાત-જાતના ફ્રૂટ લઈને આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને ફ્રૂટના ફાયદા જણાવ્યા હતા.

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પી.આઈ. શાંતાબેન ચૌધરીનું વ્યાખ્યાન



ગાંધીનગર, તા.૩

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત સી.ડબલ્યુ.ડી.સી.ના નેજા હેઠળ સે-૭ના પી.આઈ. શાંતાબેન ચૌધરીનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં સ્વાગત પ્રવચન પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ કર્યું હતું. શાંતાબેનનો પરિચય કેમ્પસ ડાયરેકટર યશવંભાઈ ચૌધરીએ આપ્યો હતો. આ પ્રસંગે શાંતાબેને યુવતીઓએ ધ્યાનમાં રાખવા જેવી બાબત, સોશ્યલ ક્રાઈમ, સેલ્ફ ડીફેન્સ, ટ્રાફીક અવેરનેસ, વિવિધ હેલ્પલાઈનનો પરિચય તેનો ઉપયોગ કઈ રીતે કરવો જેવી વિવિધ માહિતી આપી હતી અને વિવિધ ઉદાહરણો આપીને યુવતીઓએ રાખવાની સાવધાની વિશે વિગતે વાત કરી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે તાજેતરમાં ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝનાં પ્રાધ્યાપક પ્રૉ. જૈમિની કુલકર્ણી, પ્રૉ. શ્વેતા વ્યાસ અને પ્રૉ. અભિજીતસિંહ જાડેજા દ્વારા પર્સનાલિટી ડેવલપમૅન્ટ અને ધોરણ-૧૨ની પરીક્ષા સારા ગુણ સાથે કઈ રીતે પાસ કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શાળાની ધોરણ-૧૧ અને ૧૨ કૉમર્સ અને આર્ટ્સની ૩૦૦ કરતાં વધારે વિદ્યાર્થિનીઓએ વિવિધ ક્ષેત્રે ધોરણ-૧૨ પછીના ઘણા બધા વિકલ્પો વિષે પણ માહિતીત મેળવી હતી. આચાર્ય સુધાબેન પટેલ, ગિતેષભાઈ પટેલ, રમેશભાઈ પટેલ અને હાયર સૅકન્ડરી વિભાગના શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ પટેલ અને કામિનીબેન મહંત દ્વારા કરવામાં આવ્યું હતું.



બાળકોને રેડ કલરથી માહિતગાર કરવાના હેતુથી ઍસ વી ઈંગ્લિશ મીડિયમ પ્રિ સ્કૂલ દ્વારા રેડ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વાલીઓએ બાળકોને રેડ કલરનાં વસ્ત્રો પરિધાન કરાવી, સ્કૂલ બેગ, વોટર બેગ પણ રેડ કલરની મોકલાવી હતી. શિક્ષકોએ બાળકોને રેડ કલરના વિવિધ શેડ વિશે જાણકારી આપી હતી. આ દિવસે બાળકોને મ્યુઝિકલ ચૅર નામની ગેમ રમાડી, સફરજનમાં કોલાજ વર્કની પ્રવૃત્તિ કરાવી હતી, જેને બાળકોએ મનભરીને માણી હતી. શાળા પરિવારે પણ રેડ વસ્ત્રો પરિધાન કરીને ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ શિક્ષક આરતી હાથી અને સિનિયર ક્લાર્ક રીટાબેન પટેલ દ્વારા યોજવામાં આવ્યો હતો.



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ વચ્ચે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ જુસ્સાથી દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતાં. અનુક્રમે ધોરણ-૮બી, ૮ડી અને ૭સી વિજેતા બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અંજનાબેન ચૌધરી અને હંસાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકેની સેવાઓ ઈજુબેન ચૌધરી અને ધારાબેન સોની દ્વારા આપવામાં આવી હતી.



સમગ્ર ભારતમાં ઓગસ્ટના પ્રથમ રવિવારે ફ્રેન્ડશીપ ડે તરીકે ઉજવવામાં આવે છે આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં જુદી-જુદી પ્રવૃત્તિઓ દ્વારા ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ એકબીજાને જુદા-જુદા પ્રકારની ડિઝાઈનર ગિફ્ટ આપીને આ દિવસની શુભકામનાઓ આપી હતી અને બૉલીવુડ-હોલીવુડનાં ગીતો પર ડાન્સ કર્યો હતો.



અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓ માટે 'ઈમ્પોર્ટન્સ ઑફ ઈંગ્લિશ લેંગ્વેજ ઈન કૉર્પોરેટ વર્લ્ડ' વિષયે ઍક્સપર્ટ લૅક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું.વિષણ નિષ્ણાત તરીકે ઉપસ્થિત નિશીત ભાવસારે વિદ્યાર્થીઓને બિઝનેસ એટીકેટ, ઈમ્પોર્ટન્સ ઑફ લેંગ્વેજ, બિઝનેસ કમ્યુનિકેશન, ટાઈપ્સ ઑફ બિઝનેસ ક્લાયન્ટ્સ જેવા મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી વિદ્યાર્થીઓને કૉર્પોરેટ વર્લ્ડથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું આયોજન ડૉ. જીનાલી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.